ॐकार संप्रदाय™
( धार्मिक - आध्यात्मिक पथ )

RNI No.: GUJGUJ/2015/65690

# ૐકાર સંપ્રદાય

## ધાર્મિક – આધ્યાત્મિક પથ

વર્ષ : ૦૯ | અંક : ૦૨ | ઓગષ્ટ - ૨૦૨૩ | કિંમત : ૧૦/-







મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮
પ. પૂ. સંતશ્રી સદગુરુ ૐઋષિ સ્વામી

## પ.પૂ.સંતશ્રી સદ્ગુરુ ૐઋષિ સ્વામીની પાવન નિશ્રામાં

# કાળીચૌદશની રક્ષા મહાસાધના

કાળીચૌદશનો દિવસ એટલે આધ્યાત્મિક ચેતના પ્રગટાવવાનો દિવસ તેમજ સ્વયંનું અને પરિવારજનોની રક્ષા આખા વર્ષ દરમ્યાન થાય એની સાધના કરવાનો દિવસ.

આપ ભક્તજનોએ કાળીચૌદશની સાધનામાં જોડાવા માટે નીચેના **મોબાઈલ નંબર 9537220959, 9429208997** ઉપર સત્વરે લખાવી દેવું.

**શુભ તારીખ**

**૧૧ - ૧૧ - ૨૦૨૩ - શનિવાર**

**શુભ સમય**

**સાંજે ૪ થી ૬ કલાકે**

**શુભ સ્થળ**

**સુવર્ણ જયંતી હોલ,** શ્રી મહાલક્ષ્મી આશ્રિત શ્રીમાળી બ્રાહ્મણ કેળવણી મંડળ, અતુલ પેટ્રોલ પંપની સામે, પાલડી, અમદાવાદ - ૩૮૦૦૦૭.

**ખાસ નોંધ :** કાળીચૌદશની સાધનામાં પુરૂષોએ સફેદ ઝભ્ભો લેંઘો અને બહેનોએ લીલા વસ્ત્રો ધારણ કરવા.

**સંપર્કસૂત્ર**
ૐકાર સંપ્રદાય શક્તિપીઠ આશ્રમ
સેવા સમર્પણ ફાઉન્ડેશન
૦૦૧, ગ્રાઉન્ડ ફ્લોર, આંગી એપાર્ટમેન્ટ, અન્નાપૂર્ણા પાર્ટી પ્લોટ સામે,
નવા વિકાસગૃહ રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.

ॐकार संप्रदाय™
( धार्मिक - आध्यात्मिक पथ )

**ૐકાર સંપ્રદાય**

માસિક મેગેઝીન (પત્રિકા)

**સ્થાપક**

ૐકાર સંપ્રદાયના આર્ષદૃષ્ટા અને સ્થાપક
મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮
પ.પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામી

**તંત્રી**
કિંજલભાઈ શાહ

**સહતંત્રી**
મિહિરભાઈ શાહ

**સંપર્કસૂત્ર**

ૐકાર સંપ્રદાય શક્તિપીઠ આશ્રમ
સેવા સમર્પણ ફાઉન્ડેશન
Trust Reg. No.: E/18590/Ahmedabad
Under 80-G Tax Free (5313/09-10)

ૐકાર ફાઉન્ડેશન ટ્રસ્ટ
Trust Reg. No. : E/21646/Ahmedabad

સદ્‌ગુરુ ૐઋષિ સ્વામી ચેરીટેબલ ટ્રસ્ટ
(Trust Reg. No. E/23428/Ahmedabad
CSR No: CSR00045126 | 80G: ABDTS5377GF20221)

૦૦૧, ગ્રાઉન્ડ ફ્લોર , આંગી એપાર્ટમેન્ટ,
અન્નપૂર્ણા પાર્ટી પ્લોટ ની સામે,
નવા વિકાસ ગૃહ રોડ, પાલડી,
અમદાવાદ - ૩૮૦૦૦૭.

E-mail ID : omkarsampraday@gmail.com
E-mail ID :info@sadguruomrushi.org
Website : www.sadguruomrushi.org

મોબાઈલ નંબર - ૮૭૫૮૯૯૯૨૯૭,
૯૪૨૯૨૦૮૯૯૭, ૯૩૭૬૩૩૪૨૮૯

**મુદ્રક**

પ્રિન્ટ વિઝન પ્રા. લી.
આંબાવાડી બજાર, અમદાવાદ - ૬.
ફોન નં - (૦૭૯) ૨૬૪૦૫૨૦૦

ઓગષ્ટ-૨૦૨૩ | પાના નં: ૨૪
વર્ષ: ૦૯ | અંક: ૦૨
કિંમતરૂ.: ૧૦/-

# તંત્રી સ્થાનેથી...



પ્રિય ભક્તજનો,

આજની આ ભાગદોડ ભરેલી જિંદગીમાં એક શાંતિની પળ આજનો માનવી શોધે છે. સવાલ એ છે કે જ્યાં સુધી એની જવાબદારી પૂર્ણ ના થાય ત્યાં સુધી એને શાંતિ મળી શકે ખરી? આપ તરત જ કહેશો કે એનો જવાબ ના છે. આજના માણસને શાંતિ ત્યારે મળી શકે જ્યારે એ પોતાની સાંસારિક જવાબદારીઓમાંથી મુક્ત બની આકાશમાં ઉડતા પંખીની જેમ સ્વતંત્ર બની શકે.

આપના સૌના જીવનમાં શાંતિ અને આનંદ પ્રવેશે એ માટે પરમ પૂજ્ય ગુરુજી એમના રચિત કરેલા મંત્ર અને મંત્રશક્તિપાત તેમજ ૐકાર ત્રિત્રાંશ ક્રિયાના માધ્યમથી આપનું કલ્યાણ થાય એ માટે કટિબદ્ધ છે. અનેક મુશ્કેલીઓમાંથી પસાર થઇ અને સારા પ્રસંગની રાહ જોવામાં જીવન પસાર થઇ રહ્યું હોય ત્યારે પરમ પૂજ્ય ગુરુજીના સ્વમુખેથી મંત્રશક્તિપાત અને મંત્ર સાંભળવાનો આનંદ જીવનમાં નવો ઉત્સાહ અને ઉમંગ ભરી દે છે.

અહીં ગુરુજી રચિત એક ગઝલ રચના રજૂ કરું છું.

**'વિશ્વાસની વાતો'**

આ શું કાયમ ત્રાસની વાતો?
સ્હેજ કરવો વિશ્વાસની વાતો ;

કાન ધરીને દોસ્ત સાંભળો,
મખમલ જેવા ઘાસની વાતો ;

કેવળ મતલબ હોય ભળ્યો જ્યાં,
ત્યાં કેવી વિશ્વાસની વાતો?

પંખીના ટહુકામાં કાયમ,
છલકે છે હળવાશની વાતો ;

ૐગુરુ ક્યારેક સાંભળો,
નિષ્ફળ કે નાપાસની વાતો.

ૐકાર સંપ્રદાય મેગેઝિનમાં આવતા મંત્રો, દિવ્ય સાધનાઓ તેમજ વિવિધ દિવ્ય રાહો દ્વારા આપ સૌના જીવનમાં સકારાત્મક પરિવર્તન આવે તેવી પ.પૂ. સદ્‌ગુરુ ૐઋષિના શ્રીચરણોમાં અભ્યર્થના સાથે ૐ નમઃ...

તંત્રી,
કિંજલભાઈ શાહ




મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮ પ. પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામી વિરચિત

# || વેદાંત દર્શન - આર્ષેય ભાષ્યમ્ ||

## પવિત્રગ્રંથ વિમોચન પ્રસંગ

સદ્‌ગુરુ ૐઋષિ સ્વામીએ ૧૭ જુલાઈ, ૧૯૯૬ ના રોજ રથયાત્રાના પાવન દિવસે ૐકાર સંપ્રદાયની સ્થાપના કરી. ધર્મ અને અધ્યાત્મનો પંથ પ્રસ્થાપિત કરનાર સંપ્રદાયના પ્રત્યેક સ્થાપકે વેદાંતનું ભાષ્ય કરવું આવશ્યક છે અને તે દ્વારા તેમને ધાર્મિક અને આધ્યાત્મિક પંથની શાશ્વત સ્વીકૃતિ મળે છે. ૐકાર સંપ્રદાય યુગો-યુગો સુધી શાશ્વત અને સનાતન ધર્મ તરીકે પ્રસ્થાપિત રહે અને એના માટે વેદાંત ઉપર ભાષ્ય રચીને સદ્‌ગુરુ ૐઋષિ સ્વામીએ પોતાના ધાર્મિક અને આધ્યાત્મિક પંથને ગૌરવવંતો બનાવ્યો છે.

. વેદાંત દર્શન - આર્ષેય ભાષ્યમ્ ગ્રંથ વિમોચન પ્રસંગ ઠાકોરભાઈ દેસાઈ હોલ, અમદાવાદ ખાતે તારીખ:૧૫-૭-૨૦૨૩, શનિવાર ના રોજ રાખવામાં આવેલ. આ અમૂલ્ય ભવ્યાતિભવ્ય દિવ્ય અલૌકિક અવસર પર વિવિધ સંપ્રદાયના ૪૯ થી વધુ સંતો, મહંતો, મહામંડલેશ્વરો તેમજ હજારો ભક્ત સમુદાય ઉપસ્થિત રહેલ. વિવિધ સંપ્રદાયના સંતોના હસ્તે શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર સાથે આ પવિત્રગ્રંથનું વિમોચન કરવામાં આવેલ.

## || વેદાંત દર્શન - આર્ષેય ભાષ્યમ્ || ગ્રંથના વિમોચન પ્રસંગે ઉપસ્થિત સંતોની નામાવલી

● પ.પૂ. દિલીપદાસજી મહારાજ, જગન્નાથ મંદિર, અમદાવાદ ● વૈષ્ણવ સમ્રાટ પ.પૂ. મોહનદાસજી મહારાજ, સાંઈધામ ● પ.પૂ.ભક્તિપ્રકાશ સ્વામીજી મહારાજ ● પ.પૂ. માનસરોવરબાપુ, પ્રેમધારા યોગાશ્રમ, ચનવાડા ● પ.પૂ. બાલનાથજી મહારાજ, શંકરતીર્થ આશ્રમ ● પ.પૂ. મહંતશ્રી દામોદરદાસજી મહારાજ, રામજી મંદિર, કડકથલ ● પ.પૂ. મહંતશ્રી યોગેશદાસજી બાપુ, વિશ્વ હિન્દુ પરિષદ, અમદાવાદ ● પ.પૂ. મહંતશ્રી રાજેન્દ્રનંદગિરીજી મહારાજ, પ્રદેશ સંગઠન મહામંત્રી, અ.ભા.સંત સમિતિ, ગુજરાત ● પ.પૂ. મહામંડલેશ્વર શ્રીપ્રાગિરીજી મહારાજ, પાટણ ● પ.પૂ. મહામંડલેશ્વર રામમનોહરદાસજી મહારાજ, સત્યનારાયણ મંદિર, કલોલ ● પ.પૂ. સિદ્ધાર્થદાસજી મહારાજ ● પ.પૂ. ચૈતન્યશંભુ મહારાજ (ગૌભક્ત), ગુજરાત ● પ.પૂ. પૂજ્ય બારનાથજી મહારાજ, શંકરતીર્થ આશ્રમ, સાણંદ ● પ.પૂ. શત્રુઘ્નદાસજી મહારાજ, માણસા ● પ.પૂ. મહામંડલેશ્વર સંજયગિરિજી મહારાજ (પાયલટ બાબાના શિષ્ય), હરિદ્વાર ● પ.પૂ. મહામંડલેશ્વર અવધકિશોર બાપુ મહારાજ, સુગ્રીવ આશ્રમ, મોઢેરા - તેમજ અન્ય સંત સમુદાય પણ આ ગ્રંથના વિમોચન પ્રસંગે હાજર રહ્યા હતા.

# || વેદાંત દર્શન - આર્ષેય ભાષ્યમ્ ||

## ગ્રંથ વિમોચન પ્રસંગની દિવ્ય ઝલક

















|| ૐ નમઃ ||

# શ્રાવણ માસ દરમ્યાન ભગવાન શિવની કૃપા અને પુણ્યફળની પ્રાપ્તિ માટે ચમત્કારિક મંત્રસાધના

ભારતવર્ષમાં સદીઓથી શ્રાવણ માસનું સવિશેષ મહત્ત્વ રહ્યું છે. વર્ષમાં શ્રાવણ માસને સૌથી વધુ પવિત્ર માસ ગણવામાં આવે છે અને એટલે જ શ્રાવણને માસોમાં ઉત્તમ માસોત્તમ માસ કહેવામાં આવે છે. હિન્દુ પંચાગ અનુસાર દરેક માસ કોઈને કોઈ દેવતા સાથે સંબંધિત છે. તેવી જ રીતે શ્રાવણ માસમાં શિવપૂજા, શિવભક્તિ, ઉપાસનાનું અધિક મહત્ત્વ છે. પૂર્ણિમા તિથિનું શ્રવણ નક્ષત્ર સાથે યોગ થવાથી શ્રાવણ માસનું સ્વરૂપ પ્રકાશિત થાય છે. આ માસ ઈચ્છાપૂર્તિનો સમય ગણાય છે. જેવી રીતે પ્રકૃતિ ગ્રીષ્મની કાળઝાળ ગરમીને સહન કરતી શ્રાવણની વર્ષાથી પોતાની પ્યાસ બુઝાવે અને અસીમ તૃપ્તિ અને આનંદ પ્રાપ્ત કરે છે તેવી જ રીતે મનુષ્ય જીવનનાં સુનાપનને દૂર કરવા માટે આ માસમાં ભક્તિ અને મનોકામનાપૂર્તિનો અનોખો સંયોગ સિદ્ધ થાય છે.



આપણા પ્રાચીન શાસ્ત્રોમાં પણ શ્રાવણ માસનો વિસ્તારપૂર્વક ઉલ્લેખ જોવા મળે છે. શ્રવણ નક્ષત્ર તથા સોમવારથી ભગવાન શિવનો ઊંડો સંબંધ છે. શ્રાવણ માસ ભગવાન શિવને અતિ પ્રિય છે. તે પાછળ એવું કહેવાય છે કે દક્ષપુત્રી સતીએ પોતાનું જીવનત્યાગ કરીને ફરીવાર હિમાલય રાજાનાં ઘરે પાર્વતીરૂપે જન્મ લીધો અને દેવી પાર્વતી શિવને તેનાં પતિનાં રૂપે પામવા ઈચ્છતી હતી માટે તેણે શ્રાવણ માસમાં કઠોર તપ કર્યું. આ તપથી ભગવાન શિવ પ્રસન્ન થયા અને દેવી પાર્વતીની મનોકામના પૂર્ણ કરી. પોતાની પત્નીનાં પુનઃમિલનનાં કારણે આ માસ શિવજીને અતિપ્રિય છે.

શ્રાવણ માસમાં શિવલીંગ પર જલાભિષેકનું વિશેષ મહત્ત્વ છે અને તેને ખૂબ ફળદાયી પણ માનવામાં આવે છે. આ જલાભિષેકનાં સંદર્ભમાં એવી કથા પ્રચલિત છે કે જ્યારે દેવતાઓ અને રાક્ષસોએ મળીને અમૃત પ્રાપ્તિ માટે સમુદ્રમંથન કર્યું હતું ત્યારે મંથન સમયે સમુદ્રમાંથી અનેક પદાર્થો ઉત્પન્ન થયા હતાં અને અમૃત કલશનાં પહેલા 'કાલકૂટ' વિષ પણ નીકળ્યું. આ વિષની જ્વાળાથી સમસ્ત બ્રહ્માંડ તપવા, બળવા લાગ્યું. ત્યારે બધાં જ શિવ પાસે પહોંચ્યા અને પ્રાર્થના કરવા લાગ્યા. તેમની પ્રાર્થના સાંભળીને સૃષ્ટિને આ સંકટમાંથી બચાવવા માટે શિવજીએ આ વિષને પોતાના કંઠમાં ધારણ કરી લીધું. તેનાં ઝેરથી ભગવાન શિવનો કંઠ નીલવર્ણ થઈ ગયો. આ હળાહળનાં પાનથી શિવજીને પણ અંદરથી ઉગ્ર અગ્નિ થવા લાગી ત્યારે શ્રાવણ માસ હતો. ત્યારે દેવતાઓએ આ અગ્નિને શાંત કરવા ગંગાજળથી જલાભિષેક પ્રારંભ કર્યો. ત્યારથી શિવલિંગ પર જલાભિષેકની પરંપરા ચાલી આવે છે.

કહેવાય છે કે શ્રાવણ માસમાં જ્યોતિર્લિંગનાં દર્શન તેમજ જલાભિષેકથી 'અશ્વમેધ' યજ્ઞ કરવા સમાન ફળ પ્રાપ્ત થાય છે. શ્રાવણ માસમાં સોમવારનું પણ ખૂબ જ વિશેષ મહત્ત્વ છે. સોમવારનો પ્રતિનિધિ ગ્રહ ચંદ્રમા છે. જે મનનો કારક છે. ચંદ્રમા શિવજીનાં મસ્તક પર બિરાજમાન છે. ભોળાનાથ સ્વયં સાધક અને ભક્તનાં મનને નિયંત્રિત કરે છે. માટે સોમવારની પૂજાને શ્રાવણ માસમાં વિશેષ ગણવામાં આવે છે.

શ્રાવણ માસમાં બિલિપત્ર અને રૂદ્રાક્ષનું પણ ખૂબ જ મહત્ત્વ જોવા મળે છે. કહેવાય છે કે રૂદ્રાક્ષ શિવનયન જળથી પ્રગટ થયા માટે શિવજીને અતિપ્રિય છે. જ્યારે બિલિપત્ર માટે એવી પૌરાણિક કથા છે કે જ્યારે ૮૯૦૦૦ ઋષિઓએ મહાદેવને પ્રસન્ન કરવાની વિધિ પરમપિતા બ્રહ્માજીને પૂછી ત્યારે બ્રહ્માજીએ કહ્યું કે સો કમળ પુષ્પ ચઢાવવાથી જે પ્રાપ્ત થાય

તે એક અખંડ બિલિપત્ર ચઢાવવાથી મળે માટે બિલિપત્ર શિવજી પર ચઢાવવાની પરંપરા આજે પણ ચાલી આવે છે.

આમ શ્રાવણ માસ એ દેવાધિદેવ મહાદેવની આરાધના, ઉપાસના અને ભક્તિનો પર્વ છે. શ્રાવણ માસનાં પ્રત્યેક દિવસનું એક આગવું ધાર્મિક મહત્ત્વ છે. મનુષ્યમાત્રની દરેક પ્રકારની મનોકામનાપૂર્તિ અને મનોવાંછિત ફળની પ્રાપ્તિ માટે શ્રાવણ માસ એ વર્ષમાં સૌથી વધુ ઉત્તમ માસ ગણાય છે. વિવિધ પ્રકારનાં પદાર્થોથી શિવઅર્ચન, જલાભિષેક અને અનુષ્ઠાન, આરાધના દ્વારા મનુષ્ય શિવની ભક્તિ કરીને આધિ, વ્યાધિ અને ઉપાધિ એમ ત્રિવિધ તાપની પીડામાંથી મુક્ત થાય છે. જીવનમાં સુખ, શાંતિ અને ઐશ્વર્યની પ્રાપ્તિ અને સાથે જ ધર્મ અધ્યાત્મના ક્ષેત્રમાં અગ્રેસર થવા માટે મહાદેવની આરાધના માટે આ સર્વશ્રેષ્ઠ માસ છે.

## શ્રાવણ માસ દરમિયાન ભગવાન શિવની કૃપા અને પુણ્યફળની પ્રાપ્તિ માટે ચમત્કારિક મંત્રસાધના કરવા માટેની માહિતી

સૌપ્રથમ લાકડાનું બાજઠ અથવા પાટલો લેવો. એના ઉપર વાદળી કલરનું વસ્ત્ર પાથરવું. વસ્ત્ર પાથરી દીધા બાદ એક મુઠ્ઠી કાળા તલની ઢગલી કરવી અને બીલીના ૫(પાંચ) પાન એક લાઇનમાં મુકવા. ત્યારબાદ નીચે આપેલ **ૐ શ્રી શિવ મોક્ષમ્ ચક્ર**ને કાગળમાં દોરી અથવા કટીંગ કરી લેમીનેશન કરાવીને સ્થાપનમાં મુકવું. ત્યારબાદ સ્થાપન સામે બેસીને રોજ નીચે આપેલા મંત્રની એક માળા કરી ૐઋષિ રચિત ૐકાર ચાલીસા અને ૐ શ્રી ૧૨ જ્યોતિર્લિંગ ચાલીસાનો પાઠ એકવાર કરવો. નીચે આપેલ મંત્ર સિદ્ધ કરવો હોય તો છ મહિનામાં ૩૬૦૦૦ વખત કરીને સિદ્ધ કરી શકાય. મંત્ર સિદ્ધ કરવા માટે સ્થાપનની આવશ્યકતા નથી.

### ૐ શ્રી શિવ મોક્ષમ્ ચક્ર

| | | | |
|---|---|---|---|
| ॥ ३३: ॥<br>॥ ॐ शिवा: ॥ | ॥ ५५: ॥<br>॥ ॐ महेश्वरा: ॥ | ॥ ६६: ॥<br>॥ ॐ शंभु: ॥ | ॥ ७७: ॥<br>॥ ॐ महादेव: ॥ |
| ॥ ९: ॥<br>॥ ॐ नीलकंठ: ॥ | ॥ १९: ॥<br>॥ ॐ सिद्धेश्वर: ॥ | ॥ १८: ॥<br>॥ ॐ जोगेश्वर: ॥ | ॥ १२: ॥<br>॥ ॐ रामेश्वर: ॥ |
| ॥ १२: ॥<br>॥ ॐ भोलेश्वर: ॥ | ॥ १८: ॥<br>॥ ॐ महाकालेश्वर: ॥ | ॥ २०: ॥<br>॥ ॐ शाकेश्वर: ॥ | ॥ २२: ॥<br>॥ ॐ ॐकारेश्वर: ॥ |

**મંત્રઃ ॥ ૐ શિવાન્ય શિવાન્ય શંભુતા નમઃ ॥**

આ મંત્રસાધના શ્રાવણ મહિનાના પ્રથમ દિવસથી શરૂ કરીને આખો શ્રાવણ મહિનો કરવી.

**સ્થાપન કરવાનો સમય :** શ્રાવણ મહિનાના પ્રથમ દિવસે સવારે ૭ થી ૧૧ માં કરવું.

**ઉત્થાપન કરવાનો સમય :** શ્રાવણ મહિનો પૂર્ણ થયા બાદ સવારે ૭ થી ૧૧ માં ઉત્થાપન કરવું. સ્થાપનમાં મુકેલ કાળા તલ અને બિલિપત્ર નદીમાં વિસર્જન કરી દેવા અને ચક્રને કબાટમાં અથવા પૂજાના સ્થાનમાં એક વર્ષ સુધી રાખવું.

**મંત્રસાધના કરવાનો સમય :** આખા દિવસ દરમ્યાન ગમે તે સમયે કરી શકાય.

# ભગવાન શ્રીકૃષ્ણના દિવ્ય દર્શન અને એમના સાક્ષાત્કાર માટે જન્માષ્ટમીના પાવનપર્વ પર કરવાની ચમત્કારિક મંત્રસાધના



શ્રીકૃષ્ણ જન્માષ્ટમીના મહત્ત્વનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય કે આપણા પ્રાચીન શાસ્ત્રોમાં જન્માષ્ટમીને "વ્રતરાજ" કહેવામાં આવી છે. ભગવાન શ્રીકૃષ્ણનો જન્મ ભાદ્રપદની કૃષ્ણપક્ષની અષ્ટમીના રોહિણી નક્ષત્રમાં થયો હોવાના કારણે તેને "કૃષ્ણ જન્માષ્ટમી" કહેવામાં આવે છે. ભગવાન શ્રીકૃષ્ણનો જન્મ રોહિણી નક્ષત્રમાં થયો હોવાથી જન્માષ્ટમીનાં નિર્ધારણમાં રોહિણી નક્ષત્રનું વિશેષ ધ્યાન રખાય છે. આ દિવસે વૃષભ રાશિમાં ચંદ્રમા તેમજ સિંહ રાશિમાં સૂર્ય હતો. માટે શ્રીકૃષ્ણ જન્મોત્સવ આ જ કાળમાં મનાવવામાં આવે છે. પૂરી રાત મંગલ ગીતો ગાવામાં આવે છે. જન્માષ્ટમી માત્ર ભારતમાં જ નહીં પરંતુ, વિદેશોમાં પણ કૃષ્ણભક્તો દ્વારા ખૂબ ઉલ્લાસ, આનંદથી મનાવવામાં આવે છે.

ભગવાન શ્રીકૃષ્ણ દરેકને ખૂબ જ પ્રિય છે. વસ્તુતઃ શ્રીકૃષ્ણ ભગવાનને સોળ કળાઓનાં અવતાર માનવામાં આવે છે. હિન્દુ માન્યતા અનુસાર સૃષ્ટિનાં પાલનહાર શ્રીહરિ વિષ્ણુનાં આઠમા અવતાર એટલે ભગવાન શ્રીકૃષ્ણ. જન્માષ્ટમીનો તહેવાર ખૂબ જ ધામધૂમથી મનાવાય છે. ભગવદ્ ગીતામાં એક લોકપ્રિય કથન એવું પણ છે કે - જ્યારે દુર્ભાવના વધશે અને ધર્મની હાનિ (નુકશાન) થશે ત્યારે બુરાઇને ખત્મ કરવા અને સદ્‌ભાવના બચાવવા હું અવતાર લઇશ. જન્માષ્ટમી એ સદ્‌ભાવનાને વધારવા અને દુર્ભાવનાને દૂર કરવા પ્રોત્સાહિત કરે છે. કહેવાય છે કે ભગવાન વિષ્ણુએ પૃથ્વીને પાપમુક્ત કરવા હેતુ ભાદ્ર માસની કૃષ્ણપક્ષની અષ્ટમીનાં મધ્યરાત્રિએ રોહિણી નક્ષત્રમાં કૃષ્ણ સ્વરૂપે અવતાર લીધો હતો.

જન્માષ્ટમીનાં પાવન પર્વમાં મંદિરોમાં ભગવાન શ્રીકૃષ્ણની મૂર્તિને વિશેષ સાજ-શણગાર કરવામાં આવે છે. ભગવાન શ્રીકૃષ્ણને સુશોભિત મનમોહક ફૂલ પર ઝૂલાવવામાં આવે છે. ભક્તો પણ શ્રીકૃષ્ણ ભગવાનને ઝૂલાવીને ધન્યતા અનુભવે છે. જન્માષ્ટમી પર્વ એ મનોકામનાપૂર્તિ, શ્રીકૃષ્ણ ભક્તિનો પર્વ ગણાય છે. શ્રીકૃષ્ણ દેવકી અને વાસુદેવનાં આઠમા પુત્ર હતાં. મથુરાનો રાજા કંશ ખૂબ અત્યાચારી હતો. તેનો અત્યાચાર ખૂબ વધી

રહ્યો હતો. તે સમયે આકાશવાણી થઇ કે તેની બહેન દેવકીનો આઠમો પુત્ર તેનો વધ કરશે. આ સાંભળીને કંશે તેની બહેન અને તેના પતિ વાસુદેવને કાળકોટડીમાં નાંખી દીધા. જ્યારે દેવકીએ શ્રીકૃષ્ણને જન્મ આપ્યો ત્યારે ભગવાન વિષ્ણુએ વાસુદેવને આદેશ આપ્યો કે તે શ્રીકૃષ્ણને ગોકુળમાં યશોદા અને નંદબાવાની પાસે પહોંચાડી દે, જ્યાં તે તેનાં મામા કંશથી સુરક્ષિત રહેશે. આમ શ્રીકૃષ્ણનું પાલન-પોષણ નંદ યશોદાની દેખરેખમાં થયું. આમ શ્રીકૃષ્ણનાં જન્મની ખુશીમાં જન્માષ્ટમીનો પર્વ હર્ષોલ્લાસથી મનાવવામાં આવે છે. શાસ્ત્રો અનુસાર ૫૨૪૩ વર્ષ પહેલાં ભગવાન શ્રીકૃષ્ણનો જન્મ મથુરામાં થયો હતો.

જન્માષ્ટમીનાં શુભ દિવસે વ્રત-ઉપવાસનું ખૂબ અધિક મહત્ત્વ રહેલું જોવા મળે છે. કહેવાય છે કે જન્માષ્ટમીનાં દિવસે શ્રીકૃષ્ણ ભગવાનની ઉપાસના, આરાધના અને અનુષ્ઠાન કરવાથી દરેક મનોકામનાની પૂર્તિ થાય છે. ઘરમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિની પ્રાપ્તિ થાય છે. કહેવાય છે કે સનાતન ધર્મમાં ચાર યુગ છે અને દરેક યુગમાં ભગવાન અવતાર લેતા રહેશે. કળિયુગમાં ભગવાન કલ્કિ અવતાર ધારણ કરીને આ સંસારને ફરી વાર ધર્મ અને કર્તવ્યનાં પથ પર આગળ વધારશે.

શ્રીકૃષ્ણ જન્માષ્ટમીની રાત્રિને 'મોહરાત્રિ' કહેવામાં આવે છે. આ રાત્રિએ શ્રીકૃષ્ણ ભગવાનનું ધ્યાન, સ્મરણ, મંત્રજાપ કરવાથી સંસારની મોહમાયાથી આસક્તિ દૂર થાય છે. માટે જન્માષ્ટમીનું વ્રત વ્રતરાજ કહેવાય છે. આમ દ્વાપરયુગનાં અંતમાં ખરાબ લોકોનું સામ્રાજ્ય વધી ગયું હતું અને તેઓ લૂંટફાટ, હાહાકાર અને લોકોને ત્રસ્ત કરવા લાગ્યા હતાં ત્યારે ભગવાન વિષ્ણુએ મનુષ્યરૂપે અવતરિત થઇને પૃથ્વીને બચાવી હતી. માટે ભગવાન શ્રીકૃષ્ણની ભક્તિનું, આરાધનાનું જન્માષ્ટમીનાં દિવસે સવિશેષ મહત્ત્વ ગણાય છે.

## ભગવાન શ્રીકૃષ્ણના દિવ્ય દર્શન અને એમના સાક્ષાત્કાર માટેની દિવ્ય મંત્રસાધનાની માહિતી

નીચે આપેલો મંત્ર જન્માષ્ટમીના દિવસથી શરૂ કરીને છ મહિનામાં ૨૭૦૦૦ વખત બોલીને સિદ્ધ કરવો અને ૐકાર ચાલીસાનો પાઠ મંત્ર પૂરો ના થાય ત્યાં સુધી રોજ એકવાર કરવો.

**મંત્રઃ || ૐ કૃષ્ણમ્ કૃષ્ણમ્ પૃથ્વીચ પ્રાગટ્ય નમો નમઃ ||**

**(આ મંત્ર છ મહિનામાં ૨૭૦૦૦ વખત બોલીને સિદ્ધ કરવો અને એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ જ્યાં સુધી મંત્ર પૂરો ના થાય ત્યાં સુધી રોજ કરવો)**

**આ મંત્ર કોઇપણ સમયે ગમે તે જગ્યાએ બેસીને થઇ શકે છે.**



# રક્ષાબંધનના દિવસે ભાઈને રાખડી બાંધતી વખતે કરવાનો દિવ્ય મંત્ર

રક્ષાબંધન ભાઈ-બહેનના પ્રેમ અને સ્નેહના સંબંધનો પ્રસિદ્ધ તહેવાર છે. રક્ષાબંધનમાં રક્ષાનો મતલબ છે સુરક્ષા અને બંધનનો મતલબ બાધ્ય થાય છે. રક્ષાબંધનમાં રાખડી કે રક્ષાસૂત્રનું ખૂબ જ મહત્ત્વ છે. રક્ષાબંધન કેમ ઉજવવામાં આવે છે તેની પાછળ ઘણી પૌરાણિક કથાઓ છે.

એક પૌરાણિક કથા અનુસાર એક વખત દેવ અને દાનવો વચ્ચે યુદ્ધ ચાલુ થયું, જે બાર વર્ષ સુધી સતત ચાલ્યુ. અસુરોએ દેવતાઓને હરાવીને તેમના પ્રતિનિધિ દેવરાજ ઈન્દ્રદેવને પણ પરાજીત કર્યા અને વિજેતા દૈત્યરાજે ત્રણે લોકને પોતાના વશમાં કરી લીધું. તેઓએ રાજપદ પરથી જાહેર કર્યું કે ઈન્દ્રદેવ સભામાં ન આવે અને દેવતા તેમજ મનુષ્ય યજ્ઞ-વેદ, વાંચન તથા ઉત્સવ ન કરે અને બધાં મારી પૂજા કરે. ધર્મના નાશથી દેવતાઓનું બળ ઘટવા લાગ્યું. આ જોઈને દેવરાજ ઇન્દ્રદેવ એમના ગુરૂ બૃહસ્પતિ પાસે ગયા અને પોતાની વ્યથા જણાવી. ગુરૂ બૃહસ્પતિએ ઈન્દ્રદેવની વેદના સાંભળી તેમને રક્ષાવિધાન કરવાનું કહ્યું. શ્રાવણ મહિનાની પૂર્ણિમા તિથિએ વહેલી સવારે નીચે આપેલ મંત્રથી રક્ષાવિધાન પૂરો કરવામાં આવ્યો.

**'येन बद्धो बलिर्राजा दानवेन्द्रो महाबलः |**
**तेन त्वामभिवध्नामि रक्षे मा चल मा चलः ||'**

ઈન્દ્રાણીએ આ વાત સાંભળીને પોતાના તપોબળથી અભિમંત્રિત રક્ષાસૂત્ર બનાવ્યું અને દેવરાજ ઈન્દ્રદેવના જમણા હાથે બાંધી યુદ્ધભૂમિમાં લડવા મોકલી આપ્યા. 'રક્ષાબંધન'ના પ્રભાવથી દૈત્યો પરાજીત થઇ

ગયા અને દેવરાજ ઈન્દ્રનો વિજય થયો. તેમણે વરદાન આપ્યું કે આ દિવસે જે વ્યક્તિ રક્ષાસૂત્ર બાંધશે એ દીર્ઘાયુ અને વિજયી થશે.

**વર્ષ ૨૦૨૩માં રક્ષાબંધન કઇ રીતે ઊજવવી, તે નીચે આપેલ છે.**

**(૧) સૌપ્રથમ બહેને લાલ અથવા લીલા કલરનાં વસ્ત્ર પહેરવા.**

**(૨) ભાઇઓએ કાળા વસ્ત્ર સિવાયનાં કોઇપણ વસ્ત્ર રાખડી બંધાવતી વખતે ધારણ કરી શકે છે.**

**(૩) દરેક બહેનોએ નીચે આપેલો મંત્ર અઢાર વખત બોલી અને પછી ભાઇને રાખડી બાંધવી.**

**મંત્ર : ॥ ૐ રક્ષત્ય રક્ષત્ય સિદ્ધામી નમઃ ॥**

**રાખડી બાંધ્યા પછી ભાઇને મીઠાઇ ખવડાવવી.**

**આ વખતે રક્ષાબંધન તારીખ : ૩૦-૮-૨૦૨૨, બુધવારના રોજ છે.**

દરેક ભાઈ બહેને રક્ષાબંધનનાં પવિત્ર દિવસને ઉપર સૂચવેલા નિયમો પ્રમાણે ઉજવવી જોઈએ, તેમજ જે ભાઈ બહેન વર્ષોથી રક્ષાબંધનનો પવિત્ર તહેવાર ઉજવતા નથી એ લોકોએ પણ આ તહેવારને આ વર્ષે અચૂક પૂરી શ્રદ્ધાથી ઉજવવો જોઈએ.

**ૐકારનાં દિવ્ય આશીર્વાદ અને ચૈતન્ય દરેક ભાઇ બહેન ઉપર રહે એવા મારા આશીર્વાદ છે.**



# ભૂત-પ્રેત-પિશાચ વિશેની સત્ય માહિતી

(જૂન-૨૦૨૩ ગતાંકથી ચાલુ)

આપને એવી જ એક દુર્લભ ઘટના વિશે જણાવીએ જેમાં સદગુરુ શ્રી ૐ ઋષિ સ્વામીએ એક નવ યુવકને એક પ્રેતની જીવલેણ ચુંગાલમાંથી મુક્તિ અપાવી નવી જિંદગી પ્રદાન કરી. વાત છે અમદાવાદની નવ ગુજરાત કૉલેજમાં અભ્યાસ કરતા એક યુવકની. યુવક પોતાના મિત્રો સાથે હિંમતનગર નજીક આવેલ પોલો ફોરેસ્ટમાં પિકનિક ગયો હતો. ત્યાં એક ખંડેર જેવા સ્થળે એ યુવકે પેશાબ કર્યો, ત્યાંથી એક પ્રેતાત્મા એ યુવકના શરીરમાં દાખલ થઇ ગયો. બસ ત્યારથી એ યુવકની જિંદગી નર્કથી પણ બદતર થઇ ગઇ.

એ યુવક શુદ્ધ હિન્દીમાં વાતો કરવા લાગ્યો. બહુ મોટી સાઇઝના ૨૦-૨૦ લાડુ એક સાથે ખાવા લાગ્યો. એ યુવક અલગ-અલગ પ્રકારની મિઠાઇની માંગણી કરવા લાગ્યો. મિઠાઇ પણ બહુ બધી, જેટલી મિઠાઇ દસ માણસો ખાય એટલી મિઠાઇ એ એકલો જ એક સાથે ખાઇ જતો. મિઠાઇ ખાધા પછી કલાકો સુધી ઊંઘી રહેતો. હકીકતમાં તો આ બધું એના શરીરમાં પ્રવેશેલ પેલો પ્રેતાત્મા કરી રહ્યો હતો. પરંતુ આ બધી ઘટનાઓની એ યુવકના મન અને શરીર પર ઊંડી અસર થવા લાગી.

સદગુરુ શ્રી ૐ ઋષિ સ્વામી પહેલાં કહી ચૂક્યા છે કે ભૂત-પ્રેત-પિશાચ જેવી દુષ્ટાત્માઓને અશુદ્ધિ એટલે કે ગંદકી બહુ પસંદ હોય છે. પેલો નવયુવક પણ ગંદો રહેવા લાગ્યો. એની અંદર રહેલો પ્રેતાત્મા એને કેટલાય દિવસો સુધી નહાવા નહોતો દેતો. એક જ કપડાં કેટલાંય અઠવાડિયાં સુધી પહેરી રાખતો. બાથરુમમાં બધે જ ગંદકી કરી દેતો. ઘરના સભ્યો એના આવા વર્તનથી કંટાળી ગયા હતા. એ છોકરો પોતે પણ કંટાળ્યો હતો. પણ પોતે કંઇ કરી શકે એમ નહોતો. કારણ કે એના મન-મસ્તિષ્ક પર વિચારો પર જાણે પેલા પ્રેતાત્માએ જ પકડ જમાવી દીધી હતી.

કોઇ શુભ ચિંતકની સલાહથી એના પરિવારના લોકો એને સદગુરુ શ્રી ૐ ઋષિ સ્વામી પાસે લઇ આવ્યા. સદગુરુ શ્રી ૐ ઋષિ સ્વામી પોતાના દિવ્ય બ્રહ્મતેજના પ્રભાવથી એ યુવકને જોઇને સમજી ગયા કે એના પર કોઇ પ્રેતની પકડ છે. સદગુરુ શ્રી ૐ ઋષિ સ્વામીએ એ યુવક પાસેથી બધી માહિતી મેળવી. પછી પોતાની મંત્રશક્તિ અને અલૌકિક દિવ્ય શક્તિઓના પ્રભાવથી મંત્રશક્તિ યુક્ત કવચ તૈયાર કરી પેલા યુવકના પિતાને આપી થોડીક સૂચનાઓ આપી. એ સૂચનાઓ શું હતી અને પેલા પ્રેતાત્માએ પેલા યુવકને

## સદ્ગુરુ ૐઋષિ અને સૂક્ષ્મ જ્ઞાન

કોઇ રીતે છોડ્યો એ જાણ્યા પહેલાં એક મહત્વપૂર્ણ સલાહ સદગુરુ શ્રી ૐ ઋષિ સ્વામી આપે છે એ ધ્યાનથી સમજો અને શક્ય એટલું એનું પાલન કરશો તો પેલા યુવક જેવી વિકટ પરિસ્થિતિમાં નહીં ફસાવું પડે.

સદગુરુ શ્રી ૐ ઋષિ સ્વામી અનુસાર જ્યારે પણ તમારે અનિવાર્ય રીતે એવા સૂમસામ સ્થળે શૌચક્રિયા માટે જવુ પડે ત્યારે ખાસ ધ્યાન રાખો કે એ સ્થળ ખુલી જમીન હોય, ત્યાં કોઈ પથ્થર ના હોય, કોઇ છોડ કો ઝાડ ના હોય, કે કોઇ તળાવ, નદી કે જલાશય તથા આસપાસ કોઈ પવિત્ર સ્થળ કે ધાર્મિક સ્થળ ના હોય. એ ખાસ સાવધાની રાખો કે શૌચક્રિયા પહેલાં મનમાં ત્રણ વખત ઓમ નમઃનો ઉચ્ચાર કરો.

એનાથી શું થશે ? એનાથી તમારી ઑરાની આસપાસ એક અભેધ કવચ બની જશે, જે કોઈપણ દુષ્ટાત્માને તમારા પર હાવી નહીં થવા દે. કેમ કે સદગુરુ શ્રી ૐ ઋષિ સ્વામીએ વર્ષોની તપસ્યાના ફળરૂપે ઓમ નમઃ મંત્રને સિદ્ધ કર્યો છે. જે તમને કમ સે કમ ૧૮ મિનિટ સુધી અભેધ સુરક્ષા પ્રદાન કરશે. એટલા સમયમાં તમે તમારી ક્રિયા પૂરી કરી એ સ્થળ છોડી દીધું હશે એટલે ક્યારેય કોઇ પણ ભૂત-પ્રેત કે પિશાચ દ્વારા તમારું અહિત નહીં થાય.

તો હવે વાત પેલા યુવકના પિતાને સદગુરુ શ્રી ૐ ઋષિ સ્વામીએ બતાવેલ ઉપાયની. સદગુરુ શ્રી ૐ ઋષિ સ્વામીએ પેલા યુવકના પિતાને કાચની ચાર બોટલો લઇ એમાં સફેદ તલના થોડા દાણા નાખવા કહ્યું હતું. પછી એ બોટલને ખુલ્લી રાખી બીજા દિવસે સવારે ચારે બોટલોને બંધ કરી સદગુરુ શ્રી ૐ ઋષિ સ્વામી પાસે લઇ આવે અને ત્યાર બાદ ફરી એ બોટલોના ઢાંકણા ખોલી ફરીથી ઘરમાં અલગ અલગ જગ્યાએ મૂકી દે અને એનાં ઢાંકણા બંધ કરી દે. આવું લગભગ ચાલીસ દિવસ સુધી ચાલ્યું. પછી એક દિવસ જ્યારે પેલા યુવકના પિતા પેલી બોટલો લઇ સદગુરુ શ્રી ૐ ઋષિ સ્વામી પાસે આવ્યા ત્યારે સદગુરુ શ્રી ૐ ઋષિ સ્વામી એક બોટલને જોઇ પ્રસન્ન થઇ ગયા અને બોલ્યા કે કામ થઇ ગયું.

ચારમાંથી એક બોટલમાં એ પ્રેત આવી ગયો હતો, જેને સદગુરુ શ્રી ૐ ઋષિ સ્વામીએ પોતાની દિવ્ય દ્રષ્ટિથી જોઇ લીધો. પેલા છોકરાના પિતાને તો કંઇ ના દેખાયું, હા એમણે એટલું જોયું કે ચાર બોટલોમાંથી એક બોટલમાં જાણે ધૂમાડો ભરાઈ ગયો હોય એમ ધૂંધળી થઇ ગઈ હતી. સદગુરુ શ્રી ૐ ઋષિ સ્વામીએ કહ્યું કે આ ચારેય બોટલોને સીલ કરી જમીનમાં દાટી દો. સદગુરુ શ્રી ૐ ઋષિ સ્વામીના કહ્યા મુજબ પ્રક્રિયા કરી અને એ જ દિવસથી એ જ ક્ષણથી પેલો યુવક બિલકુલ સ્વસ્થ થઇ ગયો. અને કેમ ના થાય, સદગુરુ શ્રી ૐ ઋષિ સ્વામીએ એને જીવલેણ પ્રેતાત્માથી સંપૂર્ણપણે મુક્તિ અપાવી દીધી હતી.

આવાં હજારો લોકોને તથા એમના પરિવારોને સદગુરુ શ્રી ૐ ઋષિ સ્વામીએ દુષ્ટાત્માઓની પકડમાંથી બચાવી નવજીવન આપ્યું છે.

આ વીડિયો બનાવવાનો મુખ્ય ઉદ્દેશ્ય એ જ છે કે વધારે ભણેલા લોકો આધુનિક વિજ્ઞાનના નામે આપણાં શાસ્ત્રો પર, મહાપુરુષો દ્વારા કહેલી સત્ય વાતો પર વિશ્વાસ નથી કરતા. ભૂતપ્રેત-પિશાચ વગેરેની ચૂંગાલને તેઓ અંધવિશ્વાસ અને નકામી સમજી ક્યારેક ક્યારેક તો પોતાના પરિવારજનો તથા અન્ય સાથે થયેલી આવી ઘટનાને નજરઅંદાજ કરી મોટી મુશ્કેલીમાં મૂકી દે છે. સદગુરુ શ્રી ૐ ઋષિ સ્વામીએ એમની આંખો પર બાંધેલી પટ્ટીઓ ખોલવા અને જે થોડું ઘણું માને છે એમનો વિશ્વાસ દ્રઢ કરવા માટે જ શાસ્ત્રપ્રમાણ -મહાપુરુષો તથા પોતાના અનુભવોના પ્રમાણને દર્શાવી એ સિદ્ધ કર્યું છે કે મોર્ડન સાયન્સ નહીં પણ આપણાં શાસ્ત્રો સાચાં છે- ભૂત-પ્રેત-પિશાચ સાચે જ હોય છે.

જો તમારા કુટુંબ-પરિવાર કે મિત્ર સમુદાયમાં કોઈની પણ સાથે આવી ચિત્ર-વિચિત્ર ઘટના બને છે, કલ્પનાથી પરે ઘટના બને કે જેની કોઇ ચોક્કસ મનોચિકિત્સા અથવા મેડિકલ ટ્રિટમેન્ટ શક્ય ના હોય તો જેટલા બને એટલા જલદી કોઇ ખાસ આધ્યાત્મિક ઊર્જા શક્તિ અને દિવ્ય તેજથી સંપન્ન વ્યક્તિ પાસે અથવા પોતાના સદ્ગુરુ પાસે જઇ એ વ્યક્તિને પ્રેતાત્માની ચૂંગાલમાંથી જલદી મુક્તિ અપાવો. નહીંતર એ વ્યક્તિનું અને એના કુટુંબનું જીવન નરક જેવું થઇ જશે. એ વ્યક્તિનો જીવ પણ જઇ શકે છે.

સદગુરુ શ્રી ૐ ઋષિ સ્વામીનો આશય તમને ડરાવવાનો બિલકુલ નથી. પરંતુ દૃઢ રીતે એ કહેવાનો છે કે ડરીને નહીં પરંતુ સાવચેતી રાખીને રહેવું જોઇએ. પોતાના સદ્ગુરુ પર, પોતાના ઇષ્ટદેવ અને બ્રહ્મજ્ઞાન તથા બ્રહ્મતેજથી યુક્ત મહાપુરુષોના કથનો પર પૂરો વિશ્વાસ રાખીને જીવશો તો કોઇ પણ ભૂત-પ્રેત કે પિશાચ તમારો વાળ પણ વાંકો નહીં કરી શકે.

**સમાપ્ત**

**સદ્‌ગુરુ ૐઋષિ અને પવિત્ર શબ્દ**

# સદ્‌ગુરુ ૐઋષિ રચિત પવિત્ર શબ્દોથી આ મહિનાના રોજેરોજના કાર્યમાં સફળતાની ગુરૂચાવી

| તારીખ | વાર | પવિત્ર શબ્દ |
|---|---|---|
| ૨૧-૦૮-૨૦૨૩ | સોમવાર | ૐ ત્રુબાત્ય |
| ૨૨-૦૮-૨૦૨૩ | મંગળવાર | ૐ લક્ષ્મીત્ય |
| ૨૩-૦૮-૨૦૨૩ | બુધવાર | ૐ રનીતા |
| ૨૪-૦૮-૨૦૨૩ | ગુરુવાર | ૐ કાર્યતા |
| ૨૫-૦૮-૨૦૨૩ | શુક્રવાર | ૐ સર્વસિદ્ધિ |
| ૨૬-૦૮-૨૦૨૩ | શનિવાર | ૐ સૂર્યાસિદ્ધિ |
| ૨૭-૦૮-૨૦૨૩ | રવિવાર | ૐ ઋજુતાસિદ્ધિ |
| ૨૮-૦૮-૨૦૨૩ | સોમવાર | ૐ ધનસિદ્ધિ |
| ૨૯-૦૮-૨૦૨૩ | મંગળવાર | ૐ શનિતાની |
| ૩૦-૦૮-૨૦૨૩ | બુધવાર | ૐ સૂર્યતાની |
| ૩૧-૦૮-૨૦૨૩ | ગુરુવાર | ૐ બુધતાની |
| ૦૧-૦૯-૨૦૨૩ | શુક્રવાર | ૐ ગુરૂતાની |
| ૦૨-૦૯-૨૦૨૩ | શનિવાર | ૐ શુક્રતાની |
| ૦૩-૦૯-૨૦૨૩ | રવિવાર | ૐ ચંદ્રતાની |
| ૦૬-૦૯-૨૦૨૩ | સોમવાર | ૐ મંગલતાની |
| ૦૫-૦૯-૨૦૨૩ | મંગળવાર | ૐ રાહુતાની |

| તારીખ | વાર | પવિત્ર શબ્દ |
|---|---|---|
| ૦૬-૦૯-૨૦૨૩ | બુધવાર | ૐ કેતુતાની |
| ૦૭-૦૯-૨૦૨૩ | ગુરુવાર | ૐ સૂર્યવિદન્ત્યદેવ |
| ૦૮-૦૯-૨૦૨૩ | શુક્રવાર | ૐ કાર્યચક્ર |
| ૦૯-૦૯-૨૦૨૩ | શનિવાર | ૐ વામચક્ર |
| ૧૦-૦૯-૨૦૨૩ | રવિવાર | ૐ સિદ્ધાચક્ર |
| ૧૧-૦૯-૨૦૨૩ | સોમવાર | ૐ ત્રલવ્ય |
| ૧૨-૦૯-૨૦૨૩ | મંગળવાર | ૐ કવલ્ય |
| ૧૩-૦૯-૨૦૨૩ | બુધવાર | ૐ શુભલ્ય |
| ૧૪-૦૯-૨૦૨૩ | ગુરુવાર | ૐ ત્રવાંગદેવ |
| ૧૫-૦૯-૨૦૨૩ | શુક્રવાર | ૐ રાજસ્વદેવ |
| ૧૬-૦૯-૨૦૨૩ | શનિવાર | ૐ ચીવતાતી |
| ૧૭-૦૯-૨૦૨૩ | રવિવાર | ૐ વેદસ્ય |
| ૧૮-૦૯-૨૦૨૩ | સોમવાર | ૐ ધનપ્ય |
| ૧૯-૦૯-૨૦૨૩ | મંગળવાર | ૐ કમપ્ય |
| ૨૦-૦૯-૨૦૨૩ | બુધવાર | ૐ રાજક |

## • સટીક પ્રયોગ •

### શેરબજાર, સોના-ચાંદી અને ફોરેન કરન્સી તેમજ જમીન-મકાનમાં આર્થિક ફળપ્રાપ્તિ માટેનો સટિક પ્રયોગ

આપ શેરબજારના બીઝનેસથી કમાણી કરવા ઇચ્છતા હોય તો નીચે આપેલા ચક્રનું કટીંગ કરીને આપની સાથે આપના પાકીટમાં રાખવું.

### ૐ શ્રી કાર્યલક્ષ્મી ચક્ર

| | | |
|---|---|---|
| ।। ॐ रावदः ।। | ।। ॐ सावदः ।। | ।। ॐ त्रावदः ।। |
| ।। ॐ वामिः ।। | ।। ॐ रामिः ।। | ।। ॐ त्रामिः ।। |
| ।। ॐ त्रुः ।। | ।। ॐ वुः ।। | ।। ॐ शुः ।। |

ઉપર આપેલ ચક્રનું કટીંગ કરીને પાકીટમાં રાખવું અને રોજ ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ એકવાર કરવો.

## સદ્‌ગુરુ ૐઋષિ અને દિવ્ય કળશ

# સફળતાના શિખરો સર કરવા નીચેનો પ્રયોગ અચૂક કરો.



# દિવ્ય શક્તિ સિદ્ધ કળશ

ઉપર દર્શાવેલ **સર્વતાસિદ્ધ ઉદ્‌વાગ (કળશ)** જે સિદ્ધ જડીબુટ્ટીઓ અને વસ્તુઓથી સજજ કરવામાં આવેલ છે. આ કળશનો કોઈ પણ મનોકામનાની પૂર્તિ માટે આપ ઉપયોગ કરી શકો છો. આ મંત્રશક્તિવાળો ઉદ્‌વાગ (કળશ) આપે કોઈ પણ જગ્યાએ જમીનમાં દાટી દેવો. ઉદ્‌વાગ (કળશ) એક વાર દાટી દીધા પછી ક્યારેય બહાર કાઢવો નહિ. કાયમ માટે દાટેલો જ રાખવાનો છે. જેનાથી આપ આ નવા વર્ષમાં સફળતાના શિખર અચૂક સર કરી શકશો. આ મંત્રસિદ્ધ ઉદ્‌વાગ (કળશ) આપ પ્રાપ્ત કરવા ઈચ્છતા હો તો આશ્રમ પરથી ઉપલબ્ધ થઈ શકશે.

નકરો રૂા.૬૫૧/- (છસ્સો એકાવન રૂપિયા) રાખેલ છે. જે દિવ્યાંગોના સેવાકાર્યમાં ઉપયોગમાં લેવામાં આવશે.

## સદ્‌ગુરુ ૐઋષિ અને દિવ્ય ઉપાય

ભગવાન શ્રીકૃષ્ણના આશીર્વાદ અને ભગવદ્ ગીતાનું જ્ઞાન જીવનમાં ઉતારી શકાય તે માટે

### ૐ શ્રીકૃષ્ણ ગીતા જ્ઞાનશક્તિ ચક્ર

| | | | | |
|---|---|---|---|---|
| ॥ ॐ श्री गीतात्: ॥ | ॥ ॐ श्री ज्ञानत्: ॥ | ॥ ॐ श्री गंगाम्: ॥ | ॥ ॐ श्री विष्णु: ॥ | ॥ ॐ श्री सूर्यम्: ॥ |
| ॥ ॐ श्री चंद्रम्: ॥ | ॥ ॐ श्री ध्यानम्: ॥ | ॥ ॐ श्री सत्यम्: ॥ | ॥ ॐ श्री त्रदम: ॥ | ॥ ॐ श्री भक्तिम्: ॥ |
| ॥ ॐ श्री कर्मणम्: ॥ | ॥ ॐ श्री राधाय: ॥ |  | ॥ ॐ श्री कामधेनु: ॥ | ॥ ॐ श्री रूक्मणि: ॥ |
| ॥ ॐ श्री उपदेशाति: ॥ | ॥ ॐ चक्रधराति: ॥ | ॥ ॐ श्री नाविन्याती: ॥ | ॥ ॐ श्री अश्वत्थामा: ॥ | ॥ ॐ श्री गजराजम्: ॥ |
| ॥ ॐ श्री शिवराजम्: ॥ | ॥ ॐ श्री लक्ष्मीदेवी: ॥ | ॥ ॐ श्री मोक्षमाति: ॥ | ॥ ॐ श्री अर्जुनाति: ॥ | ॥ ॐ श्री भीमकाति: ॥ |

ઉપર આપેલ ૐ શ્રીકૃષ્ણ ગીતા જ્ઞાનશક્તિ ચક્રનું કટીંગ કરી લેમીનેશન કરી લેવું.
શ્રાવણ માસ દરમ્યાન રોજ ૩૦ સેકન્ડ સુધી આ ચક્રને જોવું.

॥ ૐ નમઃ ॥

# પ્રોફેશનલ વ્યક્તિઓ માટે, છૂટક વસ્તુના વેપારી માટે, ઉત્પાદક માટે, જથ્થાબંધ માલના વેપારી માટે, નોકરિયાત માટે અને વિદ્યાર્થી માટે

**પ્રોફેશનલ વ્યક્તિઓ માટે :** આ મહિના દરમિયાન આસમાની કલરના વસ્ત્રમાં ચોખાના ચાર દાણા અને ચપટી મીઠુ મુકી તેની પોટલી બનાવી જ્યારે કામ માટે કે ઓફિસ જાઓ ત્યારે ખિસ્સામાં રાખીને જવું અને એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરીને જવું. આ પ્રક્રિયાથી આપના કાર્યમાં વિધ્ન આવશે નહિ અને કાર્ય સફળ થશે.

**છૂટક વસ્તુના વેપારી માટે :** રીટેલરનો ધંધો કરતા વ્યક્તિઓએ આ મહિને વાદળી કલરના વસ્ત્રમાં ઘઉંના ચાર દાણા અને ચપટી મીઠુ મુકી તેની પોટલી બનાવી દુકાનના કેશ કાઉન્ટરમાં મુકી રાખવું અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. જેનાથી આપના ધંધામાં ચમત્કારિક ફાયદો થશે.

**ઉત્પાદક માટે :** ઉત્પાદનના કાર્ય સાથે સંકળાયેલ વ્યક્તિઓએ આ મહિને લાલ કલરના વસ્ત્રમાં મગના ચાર દાણા અને ચપટી મીઠુ મુકી તેની પોટલી બનાવી કેશ કાઉન્ટરમાં મુકી દેવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. આ પોટલી બદલવાની નથી. આખો મહિનો એ જ જગ્યાએ રાખવાની છે. જેનાથી આપના ઉત્પાદનનાં કાર્યમાં સફળતા મળશે અને ધંધામાં ચમત્કારિક પ્રગતિ થશે.

**જથ્થાબંધ માલના વેપારી માટે :** હોલસેલના ધંધા સાથે સંકળાયેલા વ્યક્તિઓએ આ મહિના દરમ્યાન ગુલાબી કલરના વસ્ત્રમાં કઠોળના ચણાના ચાર દાણા અને ચપટી મીઠુ મુકી તેની પોટલી બનાવી દુકાનના કેશ કાઉન્ટરમાં અથવા તો પોતાના ખિસ્સામાં રાખવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. આમ આ પ્રક્રિયા નિયમિત કરવાથી આપના હોલસેલનાં ધંધામાં વધારો થશે.

**નોકરિયાત માટે :** નોકરી કરતા વ્યક્તિઓએ કેસરી કલરના વસ્ત્રમાં વાલના ચાર દાણા અને ચપટી મીઠુ મુકી તેની પોટલી બનાવી જ્યારે નોકરીએ જાઓ ત્યારે એ પોતાની ઓફિસ બેગમાં અથવા ઓફિસના ખાનામાં રાખવું અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. મહિના સુધી આ જ પોટલી રાખવાની છે, રોજ નવી બનાવવાની નથી. આ પ્રક્રિયાથી નોકરીમાં આપના ઈચ્છિત કાર્યની સિદ્ધિ થશે.

**વિદ્યાર્થી માટે :** વિદ્યાર્થીઓએ સફેદ કલરના વસ્ત્રમાં ચોખાના ચાર દાણા અને ચપટી મીઠુ મુકી તેની પોટલી બનાવી પોતાના ભણવાની બેગમાં અથવા તો દફતરમાં આ મહિના દરમ્યાન રાખી મુકવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. જેનાથી આપનું ભણવામાં ધ્યાન કેન્દ્રિત થશે અને સફળતાની પ્રાપ્તિ થશે.

ઉપર આપેલ પ્રક્રિયા દરેક જણે ૩૦ દિવસ સુધી નિયમિત કરવી. ૩૦ દિવસ પછી નવા અંકમાં નવી પ્રક્રિયા આપવામાં આવશે. પછી એ નવી પ્રક્રિયા ચાલુ કરવી અને જૂની પ્રક્રિયા બંધ કરી દેવી. આ રીતે બાર મહિના સુધી અલગ-અલગ પ્રક્રિયા કરવાથી આપના કાર્યને વધુ ઝડપ મળશે તથા નામના, માન, કીર્તિ અને પ્રતિષ્ઠામાં વધારો થશે.

**✦ ખાસ નોંધ ✦**

જે પ્રક્રિયાથી આપને સફળતા મળે એ પ્રક્રિયા કાયમ ચાલુ રાખી શકાય અને જોડે નવી પ્રક્રિયા પણ કરી શકાય.

# મારું અણધાર્યું કાર્ય પૂર્ણ થયું

મારું નામ મિતેષ દેસાઈ છે. મારા અને મારા ભાઈ વચ્ચે છેલ્લા ૧૦ વર્ષથી કોર્ટમાં અમારી પિતૃક સંપત્તિ માટે વિખવાદ ચાલી રહ્યો હતો. કોર્ટનું કોઈપણ પરિણામ આવી રહ્યું ન હતું. મને મારો હિસ્સો મારા મોટાભાઈ તરફથી મળતો ન હતો અને એટલે જ હું પ. પૂ. ગુરુજીના આશીર્વાદ પ્રાપ્ત કરવા માટે ૐકાર સંપ્રદાય શક્તિપીઠ આશ્રમમાં ગયો.

પ. પૂ. ગુરુજીને ૨૦૨૨ જાન્યુઆરી માં જ્યારે હું મળ્યો ત્યારે મને એક મંત્ર કરવા આપ્યો અને સાથે સાથે ૐકાર ચાલીસાનો પાઠ નિયમિત રીતે કરવા માટે કહ્યું. ગુરુજીની સૂચના પ્રમાણે મેં મંત્ર અને ૐકાર ચાલીસાનો પાઠ શરૂ કર્યો, પરંતુ શરૂઆતમાં મને લાગ્યું કે પરિસ્થિતિ એટલે કે મારા ભાઈ સાથેનો કોર્ટનો કેસ મારી તરફેણમાં આવવાના બદલે મારી વિરુદ્ધમાં જઈ રહ્યો છે.

આ બાબત વિશે મેં ગુરુજીને જણાવ્યું. પરંતુ ગુરુજીએ મને કહ્યું "તું ચિંતા ના કર, છેવટે તારી તરફેણ થશે." અને આશ્ચર્યવચ્ચે સપ્ટેમ્બર - ૨૦૨૨માં કેસ મારા તરફેણમાં આવ્યો અને હું જીતી ગયો.

છેલ્લા દસ વર્ષની લડાઈનો અંત આવ્યો. પરંતુ મારા મોટાભાઈ આગળ કેસ ઉપલી અદાલતમાં જાય તો બીજા દસ વર્ષ બગડે તેવા હતા. મેં મારા મનમાં રહેલી આ ચિંતા ગુરુજી આગળ વ્યક્ત કરી.

ગુરુજીએ કહ્યું કે "એ આગળ કોર્ટમાં લડવામાટે નહીં જાય અને સમાધાન કરશે" અને થયું પણ એવું જ. જે દિવસે ગુરુજીએ મને આ વાત કરી એના અઠવાડિયામાં જ મારા મોટાભાઈએ મારી જોડે બેસીને મને મારા ભાગની અડધી જમીન આપી દીધી.

ગુરુજીના ચરણોમાં જેટલા પણ વંદન કરું તેટલા ઓછા છે, કારણ કે હું આર્થિક રીતે ખૂબ જ મુસીબતમાં આવેલો હતો. આ જમીન એકમાત્ર મારો આધાર હતો. આ જમીન મારા ભાગમાં આવ્યા બાદ એને મેં વેચી અને રહેવા માટે સારું ઘર લીધુ અને મારા દીકરાને કેનેડા મોકલવા માટેની પ્રક્રિયા શરૂ કરી. મારા જીવનમાં જેટલું પણ ઉત્તમ થયું છે તે ગુરુજીને મળ્યા બાદ જ થયું છે બાકી ૪૫ વર્ષ સુધીની જીંદગીમાં મેં ખૂબ જ સંઘર્ષ કર્યો છે. ગુરુજીએ આપેલ મંત્ર અને ૐકાર ચાલીસા એ કદાચ આજના યુગમાં તો ચમત્કાર જ છે. ગુરુજીના ચરણોમાં કોટી કોટી વંદન.....

- **લિ. મિતેશ દેસાઈ (અમદાવાદ)**

**આપ પણ આપના જીવનમાં આવી કોઇ સમસ્યાથી ઘેરાયેલા હોય તો નીચે આપેલો મંત્ર રોજ 3 વખત કરી સદગુરુ ૐઋષિ વિરચિત ૐકાર ચાલીસા, નવદુર્ગા ચાલીસા અને ૐ શ્રી ૧૨ જ્યોતિર્લિંગ ચાલીસાનો પાઠ એકવાર કરવો.**

**મંત્ર : || ૐ પૂર્વાજત કારિવ્ય નમઃ ||**

# માથા ઉપર આવેલી મુસીબત ટળી ગઈ

મારું નામ દેવેન પટેલ છે. હું શેરબજારના ધંધા સાથે સંકળાયેલો છું. છેલ્લા 15 દિવસમાં એટલે કે જૂન 25 તારીખ થી શેરબજારમાં મને ખૂબ જ નુકશાન થઈ રહ્યું હતું. એ વખતે મારા મિત્ર સાથે જે મારી જોડે શેરબજારના ધંધામાં સંકળાયેલો છે તેના કહેવાથી હું ગુરુજીના દર્શન માટે ૐકાર સંપ્રદાય શક્તિપીઠ આશ્રમ ઉપર આવ્યો.

પ. પૂ. ગુરુજીને મેં મારી વ્યથા જણાવી. ગુરુજીએ મને એક મંત્ર અને ૐકાર ચાલીસાનો પાઠ અને સાથે નવદુર્ગા ચાલીસા અને જ્યોતિર્લિંગ ચાલીસાનો પાઠ કરવા માટે કહ્યું. મંત્ર અને ૩ ચાલીસાની પુસ્તિકા લઈને હું આશ્રમની બહાર આવ્યો અને મારા મિત્રને કહ્યું જો રાજેશ મંત્ર કરવાથી અને ચાલીસાના પાઠ કરવાથી શેરબજારનો ઉતાર ચઢાવ મારી ફેવરમાં થોડો આવવાનો છે. કદાચ આપણને માનસિક સાંત્વના મળે કે આપણે કશુંક ધાર્મિક પૂજાપાઠ કરીએ છે. પણ ગુરુજીએ આપેલો મંત્રને ચાલીસા કરીએ ને આપણે શેરબજારમાં આર્થિક ઉન્નતિ કરતા થઈ જઈએ એવું થોડું થાય મેં મારા મનમાં ઉદ્દ્ભવેલો સવાલ સહજભાવે મારા મિત્ર રાજેશને પુછ્યો.

આશ્રમની બહાર જ રાજેશ મારા પર ખૂબજ ગુસ્સે થઈ ગયો. હું તને પહેલા જ કહેતો હતો તું ગુરુજી પર શ્રદ્ધા રાખવાનો હોય તો જ તને લઈ જવું. શ્રદ્ધાના બળ પર તો પથ્થર પણ તરે છે તો શેરબજાર શું ચીજ છે. તું મારો જ દાખલો જોઈ લે. હું તારી સામે તારા કરતા પણ શેરબજારનું ઓછું જ્ઞાન ધરાવું છું છતાં પણ આર્થિક પ્રગતિ શેરબજારથી જ કરી રહ્યો છું. હું નિયમિત ગુરુજીનો મંત્ર - ૐકાર ચાલીસા – મંત્ર શક્તિપાત – જ્યોતિર્લિંગ ચાલીસા – નવદુર્ગા ચાલીસાનો પાઠ નિયમિતપણે કરુ છું. તો એનું બળ જ મને આર્થિક સદ્ધર બનાવી રહ્યું છે. મારા મિત્ર રાજેશે મને સલાહ ને ઠપકો બંને આપતા કહ્યું હતું.

સાચું કહું તો મને વિશ્વાસ ન હતો પરંતુ ડૂબતો માણસ ને તણખલા નો સહારો એ સૂત્ર પર ચાલીને મેં ત્રણેય ચાલીસાનો પાઠ કરવાનું શરૂ કરી દીધું. 4-5 દિવસ સુધી કોઈ પરિણામ સીધું દેખાયું નહિ અને 1-2 વાર મેં રાજેશને આ વાત હસીને કહી પણ ખરી પરંતુ ચારે બાજુથી એટલો ઘેરાયેલો હતો કે મારે આ નુકશાનમાંથી બહાર નીકળવું પડે તેવું હતું. એટલે મેં મંત્ર અને ત્રણેય ચાલીસાના પાઠ ચાલુ રાખ્યા.

છઠ્ઠા દિવસથી હું જે સોદા કરતો હતો તે સોદામાં મને સફળતા મળવા માંડી. મારી હિંમત થોડી ખુલી. મેં સોદા વધાર્યા અને એનું પરિણામ ખૂબ જ સારું આવ્યું. આમ જુઓ તો જ્યારે હું આ અનુભવ કહી રહ્યો છું એનું પરિણામ મને છેલ્લા 12 દિવસમાં એવું મળ્યું છે કે મારા માથા પરનું દેવું તો ઉતરી ગયું પરંતુ હું આર્થિક રીતે પણ નુકશાનના બદલે નફામાં આવી ગયો. પ. પૂ. ગુરુજી સાથેનો મારો આ પહેલો અનુભવ હતો. મારી શ્રદ્ધા ન હોવા છતાં પણ મેં મંત્ર ને ૐકાર ચાલીસા દવાની જેમ કર્યા અને એનું પરિણામ મને આટલું સારું મળ્યું. પરંતુ જો એ જ વસ્તુ શ્રદ્ધાથી કરું તો કેટલું પરિણામ મળે એ સવાલ પણ મારા મનમાં ઉદભવ્યો અને બસ ત્યારથી મેં પૂર્ણ શ્રદ્ધાથી આ શરૂ કરી દીધું છે. ગુરુજીને મળે હજી મહિનો પણ થયો નથી અને આવું અકલ્પ્ય પરિણામ મળ્યું છે.

પ. પૂ. ગુરુજીના આવા આશીર્વાદ સદાય મારી ઉપર રહે એવી પ્રાર્થના કરું છું.

- લિ. દેવેન પટેલ (અમદાવાદ)

**આપ પણ આપના જીવનમાં આવી કોઇ સમસ્યાથી ઘેરાયેલા હોય તો યુ-ટ્યુબ પર સદગુરુ ૐઋષિ ચેનલમાં દર પૂનમે શેરબજારમાં આર્થિક પ્રગતિ માટે આપવામાં આવતો ચમત્કારિક મંત્રશક્તિપાત અવશ્ય સાંભળવો.**

## મારું કેનેડાનું પી.આર. થઈ ગયું

મારું નામ પ્રકાશ પટેલ છે. હું છેલ્લા 6 વર્ષથી કેનેડા જવા માટેનો પ્રયત્ન કરી રહ્યો છું. પરંતુ સફળતા મળતી નહોતી. ત્રણવાર રીજેકશનના સિક્કા વાગેલા હોવાથી મારું કેનેડા જવાનું લગભગ અશક્ય થઈ ગયું હતું.

2022 ઑગષ્ટ મહિનામાં હું ગુરુજીને મળ્યો હતો અને મારી કેનેડા જવાની ઈચ્છા તેમની સામે વ્યક્ત કરી હતી. ગુરુજીએ મને મંત્ર અને મંત્ર શક્તિપાત સાંભળવાનુ માર્ગદર્શન આપ્યું. ગુરુજીએ આપેલ મંત્ર હું નિયમિત રીતે કરતો હતો અને મંત્રશક્તિપાત પણ સાંભળતો હતો. દર પૂનમમાં મૂકવામાં આવતા દરેક મંત્રશક્તિપાત હું પૂરી શ્રદ્ધા અને આસ્થાથી સાંભળતો હતો.

મારા મનમાં ખબર નહીં કેમ પણ એક વાત બેસી ગઈ હતી કે ગુરુજી કહે છે કે હું કેનેડા જઈ શકીશ તો હું જઈ જ શકીશ. એવા કોઈ પરિબળ આસપાસ દેખાતા નહોતા. એજન્ટ પણ હથિયાર હેઠા મૂકી ચૂક્યો હતો. પરંતુ મારું મન ડગ્યું નહિ. મારી શ્રદ્ધા ગુરુજી પર ટકીને સ્થિર રહી.

મેં છેલ્લા પ્રયત્નરૂપે ફેબ્રુઆરી 2023માં ગુરુજીના કહેવાથી જ ફરીવાર વીઝા મૂક્યા. ગુરુજીને મળ્યા બાદ હું પહેલીવાર વીઝા મૂકી રહ્યો હતો. ગુરુજીએ કીધું આ વખતે ચોક્કસ તને વિઝા મળી જશે કારણકે મંત્ર અને મંત્ર શક્તિપાતની ઊર્જા તારી આભામાં છે. સાચું કહું તો હું પણ એકદમ સકારાત્મક પોઝીટીવ હતો. ગુરુજીની સૂચના પ્રમાણે રોજ આંખ બંધ કરીને મનોમન સંકલ્પ કરતો હતો કે હું કેનેડાની ધરતી પર પહોંચી જાઉં.

ફેબ્રુઆરીમાં મેં વિઝા મૂક્યા ને માર્ચ મહિનામાં મને વિઝા મળી ગયા. મારે માત્ર વિઝીટર વીઝા જોઈતા હતા જે મને મળી ગયા અને હું કેનેડા આવી ગયો. ગુરુજીને હું આ લેખ કેનેડાથી લખીને મોકલી રહ્યો છું. મારા મનમાં કેનેડા આવવાની જે ઈચ્છા હતી તે ઈચ્છા પરિપૂર્ણ થઈ છે.

કેનેડામાં અત્યારનો મારો સ્ટ્રગલ પીરીયડ ચાલી રહ્યો છે પરંતુ ગુરુજીએ મને કહ્યું કે તુ ચિંતા ના કરીશ બધું જ સારું થઈ જશે. ગુરુજીના શબ્દો ઉપર વિશ્વાસ રાખી અને હું મારી નાવ પાણીમાં નહીં પણ રેતીમાં ચલાવી રહ્યો

## સદ્ગુરુ ૐઋષિ અને ભક્ત અનુભવ

છું અને મને વિશ્વાસ છે કે ગુરુજી મારી નાવની નીચે પાણી લાવી દેશે અને હું સારી રીતે કેનેડામાં જીવતો અને આર્થિક રીતે તરતો થઈ જઈશ.

મંત્રથી ચમત્કાર થઈ શકે છે એવી વાત તો મેં બહુ સાંભળી હતી પરંતુ મારા જીવનમાં મેં પહેલીવાર અનુભવી. ગુરુજી સાથે બે-ત્રણ વખત જ્ઞાનની ચર્ચા કરવાનો મને અવસર મળ્યો એ વખતે મને લાગ્યું કે ગુરુજીનું ઊંડુ જ્ઞાન બધા ભક્તોને મળવું જોઈએ કારણકે અધ્યાત્મનું, મંત્રનું અને મંત્રની રચનાનું જે ઊંડુ જ્ઞાન ગુરુજી પાસે છે એવું આજના આ યુગમાં કદાચ કોઈની પાસે નહીં હોય એવું હું ચોક્કસપણે માનું છું. ગુરુજીના ચરણોમાં કોટી કોટી નમન – વંદન....

**- લિ. પ્રકાશ પટેલ (કેનેડા)**

**આપ પણ આપના જીવનમાં આવી કોઇ સમસ્યાથી ઘેરાયેલા હોય તો નીચે આપેલો મંત્ર રોજ 9 વખત કરી સદગુરુ ૐઋષિ વિરચિત ૐકાર ચાલીસા, નવદુર્ગા ચાલીસા અને ૐ શ્રી ૧૨ જ્યોતિર્લિંગ ચાલીસાનો પાઠ એકવાર કરવો. તેમજ યુ-ટ્યુબ પર સદગુરુ ૐઋષિ ચેનલમાં દર મહિને આપવામાં આવતો સિદ્ધપ્રયોગ અવશ્ય કરવો.**

**- મંત્ર : || ૐ ત્રુપામ્ય ત્રુપામ્ય કાર્યમ નમઃ ||**


**સદ્ગુરુ ૐઋષિ દ્વારા આ ચેનલ ઉપર દરેક પ્રશ્નોના સમાધાન માટે અલગ - અલગ મંત્ર પ્રશ્નોનાં સમાધાન માટે આપેલ છે, માટે આ ચેનલ અચૂક જોવી, સબસ્કાઇબ કરી બેલ આઇકન (ઘંટડી) ઉપર કલીક કરવું.**



મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮
પ.પૂ. સંતશ્રી સદગુરુ ૐઋષિ સ્વામી

# અમારા નવા વિડીયો મેળવવા માટે સબસ્ક્રાઈબ કરો.

YouTube

**સ્ટેપ- ૧ યૂ ટયૂબ ચેનલ પર કલીક કરો**
**સ્ટેપ- ૨ ટાઇપ કરો "SADGURU OMRUSHI"**
**સ્ટેપ- ૩ "SADGURU OMRUSHI" પર કલીક કરો**
**સ્ટેપ- ૪ SUBSCRIBE બટન કલીક કરો અને Bell ની નિશાનીને દબાવો.**

**સદ્ગુરુ ૐઋષિ દ્વારા રચિત રોજનો પવિત્ર શબ્દ નીચે આપેલ ચેનલ ઉપર આપ નિહાળી શકો છો.**

# ૐકાર ચાલીસા મંદિર નિર્માણના લાભાર્થે

**નવરાત્રિના પાંચમા પાવન દિવસે (આસો સુદ-૫)**




## ૐકારધામ તીર્થમાં બિરાજમાન
## કલિદુઃખભંજક ૐ શ્રી ક્ષેત્રપાળવીર મહાયજ્ઞ



મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮
પ. પૂ. સંતશ્રી સદગુરુ ૐઋષિ સ્વામી



**અખૂટ શક્તિના ભંડાર સમાન અને મનવાંછિત ફળ પ્રાપ્ત કરાવનાર ૐકારધામ તીર્થમાં બિરાજમાન કલિદુઃખભંજક ૐ શ્રી ક્ષેત્રપાળવીરના મહાયજ્ઞનું આયોજન ૐકારધામતીર્થ – પાનવા ખાતે કરવામાં આવેલ છે.**

| | | |
|---|---|---|
| તારીખ | : | ૧૯-૧૦-૨૦૨૩, ગુરુવાર |
| તિથિ | : | આસો સુદ-૫ |
| સમય | : | સવારે ૮ થી ૧૧ વાગ્યા સુધી |
| સ્થળ | : | ૐકારધામ તીર્થ, પાનવા |

### ખાસ સૂચનાઃ

(૧) આ મહાયજ્ઞમાં ભાગ લેનાર પરિવારજનોએ આગલા દિવસે ૐકારધામ તીર્થ, પાનવા ખાતે આવી જવાનું રહેશે. (૨) આપ સર્વની રહેવાની, ભોજનની તેમજ અમદાવાદથી ૐકારધામ તીર્થ, પાનવા લઈ જવાની વ્યવસ્થા રાખવામાં આવેલ છે. (૩) મહાયજ્ઞ કુંડ ખૂબ મર્યાદિત રાખવામાં આવેલ હોવાના કારણે આપે આપનું નામ **મોબાઈલ નંબર : ૯૯૯૮૩૩૫૩૨૭** પર નોંધાવી દેવાનું રહેશે. (૪) એક યજ્ઞકુંડ પર પરિવારના પાંચ સભ્યો લાભ લઈ શકશે. (૫) મહાયજ્ઞમાં પુરુષોએ સફેદ ઝભ્ભો-લેંઘો અને બહેનોએ ગુલાબી રંગની સાડી પહેરવાની રહેશે.

### ૐ શ્રી ક્ષેત્રપાળવીરના મહાયજ્ઞથી થતા ફાયદા

(૧ ) આર્થિક ઉન્નતિમાં અવિરત વધારો થાય અને ઘરમાં ધન સ્થિર થાય તથા દેવામાંથી મુક્ત થવા. (૨) શારીરિક પીડા અને તકલીફો દૂર રહે. (૩ ) બાહ્ય અવરોધો અને આવતી બાધામાંથી મુક્તિ મળે તથા નજર કે ટોક લાગે નહિ. (૪) લગ્નમાં બાધા આવતી હોય કે સામાજિક જીવનમાં કષ્ટ હોય તે દૂર થાય તથા કાયદાકીય મુશ્કેલીમાંથી બહાર નીકળાય. (૫) આ મહાન યજ્ઞથી આપના ઘરની દિવ્ય રક્ષા થાય અને કોઈ બંધન ન રહે. (૬) સંતાન પ્રાપ્તિ કાર્ય સિદ્ધ થાય. (૭) તમારી અંદર શક્તિ અને સામર્થ્ય વધારે, સર્વકાર્ય સિદ્ધ થાય. (૮) દરેક કામમાં વિજય અપાવે અને રક્ષા કરે. (૯) શરીરમાં ના પકડાતા રોગોને દૂર કરી દર્દ મીટાવે. (૧૦) ભક્તોને ભય મુક્ત બનાવે, આસુરી શક્તિ આપના ઉપર હાવિ ના થાય અને શત્રુઓથી આપની રક્ષા કરે. (૧૧) આધ્યાત્મિક કાંતિ અને મંત્ર જ્ઞાન તરફ લઈ જાય. (૧૨) ધારેલી મનોકામના પૂર્ણ કરાવે. (૧૩) કુટુંબ ઉપર આવનારી અણધારી મુશ્કેલી દૂર કરે. (૧૪) શરીરની આસપાસ પવિત્ર રક્ષા કવચ બને.

॥ ૐ નમઃ ॥

## જાહેર આમંત્રણ

# "દર્શન માત્ર સે મિટે કષ્ટ"

**મંત્ર – દર્શન – ચમત્કાર**

**મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮**

**પ. પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામીના**

# પૂનમ મહાદર્શન



**શુભ તારીખ**

**૩૦ ઓગષ્ટ-૨૦૨૩ - બુધવાર**

**શુભ સમય**

**સવારે ૧૦ થી બપોરે ૨.૦૦ કલાક સુધી**

**શુભ સ્થળ**

**ચંદ્રમૌલેશ્વર હૉલ, બ્લોક-સી, ચંદ્રનગર બ્રિજની નીચે, સાંઈમંદિરની સામેની ગલીમાં, સ્મૃતિવિલા સોસાયટી, નારાયણનગર સોસાયટી, ચંદ્રનગર, અમદાવાદ.**

E-mail ID : omkarsampraday@gmail.com
E-mail ID :info@sadguruomrushi.org
Website : www.sadguruomrushi.org

**RNI GUJGUJ/2015/65690**

Registered under Postal Registration No. AHD-C/64/2020-2022 valid up to 31st December-2022 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 10th of every month' Date of Publication : 7th every month

Printed & Published by **KINJAL ASHOKKUMAR SHAH** on behalf of '**SEVA SAMARPAN FOUNDATION**' and Printed at Print Vision Pvt. Ltd., Print Vision House, Lane by jay Gujarat Fruit Center, Ambawadi Market, Ahmedabad - 380006 and published from 'Seva Samarpan Foundation', Gr. Floor, 001, Angi Flat, Opp. Annapurna Party Plot, New Vikas Gruh Road, Paldi, AHMEDABAD-380007. GUJARAT. Editor : **KINJAL ASHOKKUMAR SHAH**